અપીલ અરજી નં.૪૦૭ તા.૧૮–૩ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી અર્જુનસિંહ ફતેસિંહ સોલંકી
સામાવાળાઃ– સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)
ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (ટાઉન પ્લાનીંગ)
વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (વી.ખાતુ)

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ શ્રી અર્જુનસિંહ ફતેસિંહ સોલંકીની તા.૨૫/૨૮–૧–૧૧ની અરજીથી મુદ્દા નં.૧ શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ ગુજરાત સરકાર પત્ર ક્રમાંક વનમ/૧૪૧૦/ એમ/૬૬૪/લ/ તા.૧૮–૧૨–૧૦ ના પત્ર અનુસંધાને આપના અધિકારીઓ ધ્વારા આજ સુધી શું શું કાર્યવાહી થઈ તેની સંપુર્ણ જણકારી આપવા બાબત. વિ.મુદ્દા નં.૧ થી ૮ ની માહિતી આપવા બાબત.

સંદર્ભઃ–અરજદાર મજકુરની તા.૧૮–૩–૧૧ ની **SMC/FAP/** નં.૪૦૭/૨૦૧૦–૧૧.

શ્રી અર્જુનસિંહ ફતેસિંહ સોલંકીની તા.૨૫/૨૮–૧–૧૧ની અરજીથી મુદ્દા નં.૧ શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ ગુજરાત સરકાર પત્ર ક્રમાંક વનમ/૧૪૧૦/એમ/૬૬૪/લ/ તા.૧૮–૧૨–૧૦ ના પત્ર અનુસંધાને આપના અધિકારીઓ ધ્વારા આજ સુધી શું શું કાર્યવાહી થઈ તેની સંપુર્ણ જણકારી આપવા બાબત. વિ.મુદ્દા નં.૧ થી ૮ ની માહિતી આપવા બાબતે લાગત જાહેર માહિતી અધિકારીઓએ અરજી તબદીલ જ કરેલ છે માહિતી આપેલ નહીં હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૮–૩–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા સાથે અરજદારની મુળ અરજીમાં નિર્દિષ્ટ તા.૧૮–૧૨–૧૦, ૨૨–૩–૧૦, ૨૪–૧૧–૧૦ તેમજ ૩–૮–૧૦ પૈકી તેઓની કક્ષાએ ઉપલબ્ધ અરજીની નકલ પણ મોકલવા પત્ર નં.આરટીઆઈ સેલ / ૧૪૮૫ તા.૨૫–૩–૧૧ થી સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન), ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (ટાઉન પ્લાનીંગ), વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (વી.ખાતુ) તથા અરજદારને અપીલ અરજીમાં મુળ અરજીમાં નિર્દિષ્ટ તા.૧૮–૧૨–૧૦, ૨૨–૩–૧૦ , ૨૪–૧૧–૧૦ તથા ૩–૮–૧૦ ની અરજીઓની નકલ રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી વીજીલન્સ તરફથી પત્ર નં.વીઆઈડી/૮ તા.૧–૪–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ , નોડલ ઓફિસર તરફથી પત્ર નં.૧૨૫૦ તા.૨–૨–૧૧ થી તબદીલ કર્યા અંગેના પત્રની નકલ, શ.વિ. અને શ.વિ.નિ.વિભાગનો તા.૧૮–૧૨–૧૦ ના પત્રની નકલ, કાર્યપાલક ઈજનેર બ્રીજસેલ તા.૨૨–૩–૧૦ ના પત્રની નકલ, અરજદારનો તા.૧૫–૧૧–૧૦ , તા.૨૩–૧૧–૧૦ તથા રતનલાલ હસમુખલાલ શાહનો તા.૩–૮–૧૦ ના પત્રની નકલ તથા વીજીલન્સ વિભાગે આપેલી માહિતી અંગે પત્ર નં. વીઆઈડી/૧૯૦૧ તા.૨૮–૨–૧૧ ના પત્રની નકલ તથા એકટનોલેજમેન્ટ સ્લીપની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી ડે.કમિ.(પીએન્ડડી) તરફથી પત્ર નં.ટીપીડી/આ.નં.૩૨ તા.૨૧–૪–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ, તથા નોડલ ઓફિસર તરફથી તબદીલ થયેલ પત્રની નકલ, નગર નિયોજક તરફથી બ્રીજસેલ, ટાઉન પ્લાનીંગ, લીબાંયતઝોન અને વીજીલન્સ ખાતાને તબદીલ થયેલ પત્રની નકલ, શ.વિ. અને શ.વિ.નિ.વિભાગનો તા.૧૮–૧૨–૧૦ ના પત્રની નકલ, કાર્યપાલક ઈજનેર બ્રીજસેલ તા.૨૨–૩–૧૦ ના પત્રની નકલ, અજદારનો તા.૧૫–૧૧–૧૦ ,તા.૨૩–૧૧–૧૦ તથા રતનલાલ હસમુખલાલ શાહનો તા.૩–૮–૧૦ ના પત્રની નકલ, અરજદારનો તા.૬–૨–૦૯ ના પત્રની નકલ તથા તા.૧૪–૧૦–૦૯ ના પત્રની નકલ તથા તા.૧૦–૧૦–૦૯ ના પત્રની નકલ, નોંધ વિભાગ, જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને આપેલી માહિતી અંગે ટીપીડી/૪૮૦ તા.૨૮–૨–૧૧ ના પત્રની નકલ, નગર નિયોજક તરફથી લીંબાયતઝોનને ટીપીડી/૫૮૮૩ તા.૧૫–૭–૧૧ થી પાઠવેલ પત્રની નકલ, સુડા ભવનને પાઠવેલ ટીપીડી/આ.નં.૬૦૩૩ તા.૨૫–૧–૧૧ ના પત્રની નકલ, નગર રચના યોજના એકમ–૭ કાંસકીવાડને પાઠવેલ પત્ર નં.ટીપીડી/૬૩૧૩ તા.૨–૩–૧૦ થી પાઠવેલ પત્રની નકલ અત્રે મળેલ છે. જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/આ.નં.૨૦૪ તા.૨૦–૪–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારની મુળ અરજીની નકલ , તબદીલ થયેલ પત્રનો નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/ ૪૧૫૫ તા.૧૦–૩–૧૧ ના પત્રની નકલ તેમજ પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૨૦૩ તા.૨૦–૪–૧૧ ના રોજ આપેલ માહિતી પત્રની નકલ, નોંધ વિભાગ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૨૫/૨૮–૧–૧૧ ની અરજીથી ચૈતન્યનગરમાં બ્લોક બેસાડવાનું તથા ઠાકોરનગરમાં રોડ, પાણી, ગટર, સ્ટ્રીટ લાઈટ ની પ્રાથમિક સુવિધા બાબતે અને રીઝર્વેશન દુર કરવા અંગેની અરજીઓ બાબતે માહિતી માંગતી અરજી અત્રે તા.૨૮–૧–૧૧ ના રોજ મ્યુ. કમિ.શ્રીને સંબોધતી માહિતી માંગતી અરજી કરવામાં આવેલ. જે આરટીઆઈ સેલ/ આ.નં.૧૨૫૦ તા.૨–૨–૧૧ થી જાહેર માહિતી અધિકારી સીટી ઈજનેર લીંબાયતઝોન, ડે.કમિ.(પીએન્ડડી) ટીપીડી અને વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસરને તબદીલ કરવામાં આવેલ. જે નગર નિયોજક તરફથી પત્ર નં.ટીપીડી/ ૪૭૪ તા.૨૩–૨–૧૧ થી ટાઉન પ્લાનર–એ ટાઉન પ્લાનીંગ વિભાગ, નગર રચના અધિકારી નગર રચના યોજના એકમ–૭ હરીપુરા કાંસકીવાડ, સુરત અને મુખ્ય કારોબારી અધિકારી સુડા કલેકટર કચેરી પાસે, નાનપુરાને અંશતઃ માહિતી માટે તબદીલ કરવામાં આવેલ. જયારે અંશતઃ માહિતી માટે પત્ર નં.ટીડીઓ/૪૭૮૬ તા.૧૮–૨–૧૧ થી નિયત સમય અવધિ બાદ વિલંબથી જાહેર માહિતી અધિકારી અને કાર્યપાલક ઈજનેર બ્રીજસેલ તથા વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર તેમજ મ. જાહેર માહિતી અધિકારી નગર નિયોજક–બી ટાઉન પ્લાનીંગ અને કાર્યપાલક ઈજનેર લીંબાયતઝોનને તબદીલ કરવામાં આવેલ. નગર નિયોજક–એ શહેર વિકાસ વિભાગ તરફથી પત્ર નં.ટીપીડી/ ૫૦૬ તા.૧૮–૩–૧૧ થી નિયત સમય અવધિ બાદ વિલંબથી ટાઉન પ્લાનર શહેર વિકાસ , કાર્યપાલક ઈજનેર લીંબાયતઝોન અને ઈ.ચા. લો ઓફિસર કાયદા ખાતાને તબદીલ કરવામાં આવેલ છે. સીટી ઈજનેર અને જાહેર માહિતી તરફથી પત્ર નં.બ્રીજસેલ/આરટીઆઈ/આ.નં.૨૭ તા.૨૩–૨–૧૧ થી કાર્યપાલક ઈજનેર લીંબાયતઝોનને તબદીલ કરવામાં આવેલ. જે બાબતે અરજદારે સદર અરજી બાબતે સંપૂર્ણ માહિતી આપવામાં આવી નથી તેવું જણાવી તા.૧૮–૩–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં અરજદારે દેરક વિભાગ બીજા વિભાગમાં અરજી તબદીલ કરીને અમારા કાર્યક્ષેત્રમાં નથી તેવા ઉડાઉ જવાબ આપીને ખોટી માહિતી આપી ગુમરાહ કરે છે. અરજીમાં માંગવામાં આવેલ ટેન્ડરની નકલ શું કાર્યવાહી થઈ અથવા તો થઈ રહી છે તે અંગે કોઈ માહિતી આપવામાં આવેલ નથી અને કાયદાનો ભંગ કરનાર અધિકારી સામે દંડકીય કાર્યવાહીની માંગણી કરેલ છે. જાહેર માહિતી અધિકારી અને ડે.કમિ.(પીએન્ડડી) તરફથી અરજદારને પત્ર નં.ટીપીડી/૪૮૦ તા.૨૮–૨–૧૧ થી મુદ્દા નં.(૧) અને (૭) અન્વયે જણાવેલ છે કે સેકશન અધિકારીશ્રી, શહેર વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગુજરાત સરકારના પત્ર ક્રમાંક વનમ/૧૪૧૦/એલ/ ૬૬૪/લ, તા.૧૮–૧૨–૧૦ નો પત્ર અરજદારની તા.૨૩–૧૧–૧૦ ના પત્ર સંદર્ભે ટાઉન પ્લાનીંગ ખાતે મળેલ જેમાં આપશ્રી ધ્વારા થયેલ પ્રાથમિક સુવિધા આપવા બાબતની રજૂઆતો ઝોન કચેરીના કાર્યક્ષેત્ર હેઠળની હોઈ તેઓશ્રીને યોગ્ય તે કાર્યવાહી હાથ ધરવા ટાઉન પ્લાનીંગના પત્ર નં.ટીપીડી/આ/૫૮૮૩ તા.૧૫–૭–૧૧ થી જણાવવામાં આવેલ છે. જેની નકલ અરજદારને પણ પાઠવવામાં આવેલ છે. જયારે રીઝર્વેશન ઉઠાવી લેવા અંગેની કાર્યવાહી બાબતની તેઓની તા.૬–૨–૦૯ તથા તા.૧૦–૧૦–૦૯ ની અરજીથી થયેલ રજૂઆત અન્વયે ટાઉન પ્લાનીંગ કક્ષાએથી નગર રચના અધિકારીશ્રી નગર રચના યોજના નં.૪૧(ડીંડોલી) એસ.એમ.સી., એકમ–૭, ત્રીજો માળ, મ્યુ. વોર્ડ ઓફિસ નં.૫, હરીપુરા, કાંસકીવાડ સુરતને ટાઉન પ્લાનીંગના પત્ર નં.ટીપીડી/૬૩૧૩ તા.૨–૩–૧૦ થી વિગતે પત્ર પાઠવવામાં આવેલ છે. જેની નકલ પણ તેમને પાઠવવામાં આવેલ છે. મુદ્દા નં.૬ અન્વયે જણાવેલ છે કે અરવિંદ ગોદીવાલાએ હાઈકોર્ટ અને સુપ્રિ.કોર્ટમાં કરેલ રીટ અને તેના ચૂકાદાની નકલ બાબતે ટાઉન પ્લાનીંગ ખાતે કોઈ રેકર્ડ ઉપલબ્ધ ન હોય, તેઓની તા.૨૩–૧૧–૧૦ ના પત્ર સંદર્ભે ટાઉન પ્લાનીંગ કક્ષાએથી ઝોન કચેરીને તેમજ સુડા કચેરીને અનુક્રમે ટીપીડી/આ/૫૮૮૩ તા.૧૫–૧–૧૧ અને ટીપીડી/આ/૬૦૩૩ તા.૧૫–૧–૧૧ થી પત્ર પાઠવી તેઓને જવાબ આપવા જણાવવામાં આવેલ છે. જેની નકલ પણ અરજદારને પાઠવવામાં આવેલ છે. જે અંગે ડાયરેકટર ઓફ પ્લાનીંગ તરફથી પત્ર નં.ટીપીડી/૬૩૧૩ તા.૨–૩–૧૦ થી નગર રચના અધિકારી નગર રચના /૪૧ ડીડોલી એસએમસી એકમ–૭ હરીપુરા કાંસકીવાડને પાઠવેલ પત્ર, નગર નિયોજક તરફથી અરજદારની અરજીઓ બાબતે હાઈકોર્ટ તથા સુપ્રિ. કોર્ટની રીટની નકલ માટે પત્ર નં.ટીપીડી/આ.નં.૫૮૮૩ તા.૧૫–૧–૧૧ થી કાર્યપાલક ઈજનેર લીંબાયતઝોનને પત્ર તથા મુખ્ય કારોબારી અધિકારીશ્રી સુડા ભવન, નાનપુરા, સુરતને ટીપીડી/આ.નં.૬૦૩૩ તા.૨૫–૧–૧૧ થી પત્રની નકલ પણ રજૂ કરેલ છે. જયારે વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર તરફથી પત્ર નં.વીઆઈડી/૧૯૦૧ તા.૨૮–૨–૧૧ થી અરજીના મુદ્દા નં.૩ અંગે જણાવેલ બાંધકામો કાયદેસરતા અંગે વીજીલન્સ વિભાગ તરફથી જરૂરી વિગતો લીંબાયતઝોન પાસે મંગાવવામાં આવેલ છે જેની માહિતી હાલમાં આવેલ છે જે સંદર્ભે વીજીલન્સ વિભાગ તરફથી વધુ તપાસની કાર્યવાહી ચાલુ છે. તેવું જણાવેલ છે.

જેમાં અરજીના મુદ્દા નં.(૧) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ ગુજરાત સરકાર પત્ર ક્રમાંક વનમ/ ૧૪૧૦/ એમ/૬૬૪/લ/ તા.૧૮–૧૨–૧૦ ના પત્ર અનુસંધાની આપના અધિકારીઓ ધ્વારા આજ સુધી શું શું કાર્યવાહી થઈ તેની સંપુર્ણ જણકારી આપવા બાબત. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગ વિભાગ તરફથી સેકશન અધિકારીશ્રી, શહેર વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગુજરાત સરકારના પત્ર ક્રમાંક વનમ/૧૪૧૦/ એલ/ ૬૬૪/લ, તા.૧૮–૧૨–૧૦ નો પત્ર આપના તા.૨૩–૧૧–૧૦ ના પત્ર સંદર્ભે ટાઉન પ્લાનીંગ ખાતે મળેલ જેમાં આપશ્રી ધ્વારા થયેલ પ્રાથમિક સુવિધા આપવા બાબતની રજૂઆતો ઝોન કચેરીના કાર્યક્ષેત્ર હેઠળની હોઈ તેઓશ્રીને યોગ્ય તે કાર્યવાહી હાથ ધરવા ટાઉન પ્લાનીંગના પત્ર નં.ટીપીડી/આ/૫૮૮૩ તા.૧૫–૭–૧૧ થી જણાવવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૪૧૫૫ તા.૧૦–૩–૧૧ થી મુદ્દા નં.૧ અંગે શ.વિ. અને શ.વિ.ગૃ.નિ. વિભાગ ગુજરાત સરકારનો પત્ર ક્રમાંક વનમ/૧૪૧૦–એએ–૬૬૪–લ તા.૧૮–૧૨–૧૦ થી ઝોન કક્ષાએ પ્રાપ્ત થયેલ નથી. તેનો રેકર્ડ ઉપલબ્ધ ન હોઈ

તેની માહિતી આપી શકાય એમ નથી. તેવું જણાવેલ છે. આમ અરજદારને તા.૧૮–૧૨–૧૦ ના પત્ર બાબતેની માહિતી પૂરી પાડવામાં આવેલ છે. મુદ્દા નં.(૨) બ્રીજસેલના આરટીઆઈ/આ.નં.૩૫/૧ તા.૨૨–૩–૧૦ ધ્વારા મુદ્દા નં.૨ અંગે તબદીલ અંગે શું કાર્યવાહી થઈ તેની માહિતી. તેવા પ્રશ્ન બાબતે બ્રીજસેલ તરફથી બ્રીજસેલ/આરટીઆઈ/આ.નં.૨૭ તા.૨૩–૨–૧૧ થી કાર્યપાલક ઈજનેર લીંબાયતઝોનને પુનઃ પત્ર પાઠવેલ છે જેની અરજદારને જાણ કરવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૪૧૫૫ તા.૧૦–૩–૧૧ થી બ્રીજસેલના પત્ર ક્રમાંક બ્રીજસ ેલ/આ.નં.૩૫/૧ તા.૨૨–૩–૧૦ મુજબના પત્ર અન્વયે ત્રણ સ્થળો (૧) ડ્રાફટ ટીપી સ્કીમ નં.૬૨ ૪૫.૦મી. ના મીડલ રીંગરોડથી ભેસ્તાન તરફેના ૩૬.૦ મી. ના સુચિત રસ્તા પર પ્રિયંકા ખાડી પર કલ્વર્ટ બનાવવાનું કામ. (૨) ડ્રાફટ ટીપી નં.૬૨ ૪૫.૦ મી. ના મીડલ રીંગરોડથી સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન તરફ જતાં ૧૮.૦ મી. ના રસ્તા પર પ્રિયંકા ખાડી પર કલ્વર્ટ બનાવવાનું કામ. (૩) ડ્રાફટ ટીપી નં.૪૧ગણેશનગરથી ૪૫.૦ મી. ના મીડલ રીંગરોડથી સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન તરફ જતાં ૯.૦ મી. ના રસ્તા પર કલ્વર્ટ બનાવવાનું કામ અંગે પાઈપ કલ્વર્ટ/બોકસ બનાવવાના કામે યોગ્ય સ્ટ્રકચરલ એન્જી.ની નિમણુંક કરવામાં આવેલ છે જે ડીઝાઈન આવ્યેથી અંદાજ /ટેન્ડર અંગેની કાર્યવાહી કરવામાં આવશે તથા કલ્વર્ટ બન્યા બાદ રસ્તો બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવશે. મુદ્દા ન.(૩) મ્યુ. કમિ.ને તા.૧૮–૧૧–૧૦ ના રોજ વીજીલન્સ અધિકારીઓ ધ્વારા તપાસ કરાવી ભ્રષ્ટ અધિકારીઓને સસ્પેન્ડ કરવા બાબતે પત્ર લખ્યો હતો તેના સંદર્ભમાં તપાસની પ્રમાણિત નકલ. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી વીજલન્સ તરફથી મુદ્દા નં.૩ અંગે વીજીલન્સ વિભાગ તરફથી પત્ર નં.વીઆઈડી/૧૯૦૧ તા.૨૮–૨–૧૧ થી સદર સંદર્ભે માહિતી મંગાવી તપાસ ચલાવી માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. મુદ્દા નં.૪ મ્યુ. કમિ.શ્રીને તા.૨૪–૧૧–૧૦ થી ગરીબ શ્રમજીવી વિસ્તાર હોવાના કારણે બીપીએમસી એકટની કલમ–૬૩(૨) અનુસાર સમાવેશ વિસ્તારમાં પ્રાથમિક સુવિધા આપવા બાબતની અરજી કરી હતી જેના સંદર્ભમાં જે કોઈ કાર્યવાહી થઈ હોય તેની પ્રમાણિત નકલની માહિતી.તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૧ માં જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગે જણાવેલ છે. જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૪૧૫૫ તા..૧૦–૩–૧૧ થી ઝોન કક્ષાએ લાગુ પડતું નથી. જાહેર માહિતી અધિકારી નગર નિયોજકના પત્ર નં.ટીપીડી/આ.નં.૫૮૫૩ તા.૧૫–૧–૧૧ ના પત્રથી અરજદારના પત્રમાં થયેલી રજૂઆતો પ્રાથમિક સુવિધાઓ હોઈ ઝોન કચેરી ધ્વારા યોગ્ય તે કાર્યવાહી હાથ ધરી તેની જાણ શહેરી વિકાસ અને શહેર ગૃહ નિર્માણને જણાવવામાં આવેલ છે. તથા ટાઉન પ્લાનીંગની જાણ હેઠળ પરભારે અરજદારને તથા માન. મંત્રીશ્રી કાર્યાલયને કરવા જણાવેલ છે. તેમ છતાં જાહેર માહિતી અધિકારી તરફથી શહેરી ગૃહ નિર્માણ વિભાગનો પત્ર નહીં મળ્યાનો પ્રત્યુત્તર તથા મુદ્દો લાગુ પડતો નથી તે વિરોધાભાસી છે. તેથી જાહેર માહિતી અધિકારીએ તે બાબતે તપાસ કરી રેકર્ડ ચકાસણી કરી અરજદારની અરજીઓ તથા ખાતાકીય પત્ર વ્યવહારના અનુસંધાને થયેલ–નહીં થયેલ કાર્યવાહીની દફતરી વિગતો પૂરી પાડવાની રહે. મુદ્દા નં.૫ મ્યુ. કમિ.શ્રીને તા.૨૪–૧૧–૧૦ ના રોજ ચૈતન્યનગરમાં બ્લોક બેસાડવા, ઠાકોરનગરમાં રોડ બનાવવાના હેતુ માટે અરજી કરી હતી જેમાં ચૈતન્યનગરમાં બ્લોક બનાવવાનો કોન્ટ્રાકટ આપવામાં આવ્યો તેના ટેન્ડરની પ્રમાણિત નકલ , ઠાકોરનગરમાં રોડ બનાવવાના ટેન્ડરની નકલ અને અરજીના સંદર્ભમાં જે પણ કાર્યવાહી કરી હોય તેની પ્રમાણિત નકલ આ કોન્ટ્રાકટરને બે વર્ષની અંદર સા.ઈ.ઝોન લીબાંયત કુલ કેટલા ટેન્ડર કયા કયા હેતુ માટે આપવામાં આવેલ છે અને સમયસર પૂર્ણ કરેલ છે કે નહીં તેની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી મુદ્દા નં.૫ અંગે લાગુ પડતા નથી તેવો જવાબ આપવામાં આવેલ છે પરંતુ અરજી બાબતે શું કાર્યવાહી કરી તેની માહિતી આપવામાં આવેલ નથી. મુદ્દા નં.૬ અરવિંદ ગોદીવાલાને સુપ્રિ. કોર્ટમાં રીટ કરી હતી કે કોઈ પણને પ્રાથમિક સુવિધાઓથી વંચિત નહીં રાખી શકાય તેવો ચૂકાદો સુપ્રિ. કોર્ટે સુમપાને આપ્યો હતો તેના ચૂકાદાની પ્રમાણિત નકલની માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગ તરફથી અરજદારને મુદ્દા નં.૬ અન્વયે જણાવેલ કે અરવિંદ ગોદીવાલાએ હાઈકોર્ટ અને સુપ્રિ.કોર્ટમાં કરેલ રીટ અને તેના ચૂકાદાની નકલ બાબતે ટાઉન પ્લાનીંગ ખાતે કોઈ રેકર્ડ ઉપલબ્ધ ન હોય, તેઓની તા.૨૩–૧૧–૧૦ ના પત્ર સંદર્ભે ટાઉન પ્લાનીંગ કક્ષાએથી ઝોન કચેરીને તેમજ સુડા કચેરીને અનુક્રમે ટીપીડી/આ/૫૮૮૩ તા.૧૫–૧–૧૧ અને ટીપીડી/આ/૬૦૩૩ તા.૧૫–૧–૧૧ થી પત્ર પાઠવી તેઓને જવાબ આપવા જણાવવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૨૦૩ તા.૨૦–૪–૧૧ થી માંગ્યા મુજબની માહિતી લીંબાયતઝોનના કોઈ રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી તેવું જણાવેલ છે. મુદ્દા નં.૭ સુમપા કમિ.ને તા.૨૪–૧૧–૧૦ થી ઠાકોરનગરમાં રીઝર્વેશન ૧૦૪, ૧૦૫ ઉઠાવી પ્રાથમિક સુવિધાઓ આપવા બાબતેની અરજી કરી હતી તે અરજીના સંદર્ભમાં મહાનગરપાલિકાના અધિકારીઓ ધ્વારા જે પણ કાર્યવાહી થઈ હોય ઉપલબ્ધ હોય તેની પ્રમાણિત નકલની માહિતી આપવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગ તરફથી રીઝર્વેશન ઉઠાવી લેવા અંગેની કાર્યવાહી બાબતની તેઓની તા.૬–૨–૦૯ તથા તા.૧૦–૧૦–૦૯ ની અરજીથી થયેલ રજૂઆત અન્વયે ટાઉન પ્લાનીંગ કક્ષાએથી નગર રચના અધિકારીશ્રી નગર રચના યોજના નં.૪૧ (ડીંડોલી) એસ.એમ.સી., એકમ–૭, ત્રીજો માળ, મ્યુ. વોર્ડ ઓફિસ નં.૫, હરીપુરા, કાંસકીવાડ સુરતને ટાઉન પ્લાનીંગના પત્ર નં.ટીપીડી/૬૩૧૩ તા.૨–૩–૧૦ થી વિગતે પત્ર પાઠવવામાં આવેલ છે. તેમજ પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૪૭૪ તા.૨૩–૨–૧૧ થી લાગત સત્તા મંડળ સુડા અને નગર રચના યોજના એકમ–૭ ને અરજી તબદીલ કરવામાં આવેલ છે. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૪૧૫૫ તા.૧૦–૩–૧૧ થી રીઝર્વેશન અંગે લાગુ પડતું નથી જયારે સુવિધા અંગે પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૨૦૩ તા.૨૦–૪–૧૧ ના પત્રથી ઠાકોરનગરમાં રીઝર્વેશન હટાવ્યા બાદ સ્ટ્રીટ લાઈટની સુવિધા આપવા અંગેની કાર્યવાહી હાથ ધરી શકાશે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.૮ ટાઉન પ્લાનીંગ વિભાગને તા.૩–૮–૧૦ ના પત્રથી વૈકલ્પિક વ્યવસ્થા હેતુ રોડ કપાતમાં ગયેલી દુકાનને અવેજમાં અન્ય જગ્યા સુમપા ધ્વારા આપવામાં આવે છે

પરંતુ ફરીયાદી તરફથી વખતો વખત અરજી કર્યા પછી આજ સુધી કોઈ પણ કારણથી દુકાનની ફાળવણી નહીં કરી ઉપરોકત તારીખની અરજી સંદર્ભે કઈ કઈ કાર્યવાહી કરી છે તેની સંપૂર્ણ માહિતી આપી સદર વેપારીને તાત્કાલીક દુકાન ફાળવણી કરી આપવામાં આવે અને તેની અમને લેખિતમાં જાણકારી આપવામાં આવે તેવી માહિતી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગ વિભાગ તરફથી થયેલી કાર્યવાહી અંગે કોઈ વિગત પૂરી પડાયેલ જણાતી નથી. કે માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી.

સમગ્ર હકીકત જોતાં અરજદારની અરજીના ૮ મુદ્દાઓ પૈકી મુદ્દા નં.૩ ની માહિતી જાહેર માહિતી અધિકારી વીજીલન્સ કક્ષાએ કાર્યવાહી હેઠળ હોવાનું જણાવેલ હોઈ તે અંગે કોઈ તકરાર નથી. મુદ્દા નં. ૨ જાહેર માહિતી અધિકારી લીંબાયત કક્ષાએથી માહિતી પૂરી પાડેલ હોઈ તકરાર નથી. મુદ્દા નં.૬ અંગે જાહેર માહિતી અધિકારી ડે.કમિ.(પીએન્ડડી) અને લીંબાયત બંને કક્ષાએથી તેઓના દફતરે માહિતી નહીં હોવાનું જણાવેલ છે. આરટીઆઈ કાયદાની કલમ–૨(એફ) અને (જે) હેઠળ ભૌતિક સ્વરૂપે દફતરી ઉપલબ્ધ માહિતી આપવાની જોગવાઈ ધ્યાને લેતાં અત્રેના સત્તા મંડળને પૂરતી તકરાર રહેતી નથી. અત્રે એ પણ સૂચિત છે કે સદર મુદ્દા પરત્વે સુડા જાહેર સત્તામંડળને અરજી તબદીલ થયેલ તે અંગે અપીલ તકરાર અરજદારે સદર સત્તા મંડળ કક્ષાએ ઉઠાવવાની રહે.

આમ ઉપરોકત વિગત જોતાં મુદ્દા નં.૧,૪,૫ આંશિક ૭ અને ૮ તકરારી મુદ્દા રહે છે. જે પૈકી મુદ્દા નં.૧ અંગે ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી શહેર વિકાસ વિભાગના પત્ર સહિત સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને અરજદારનો સદર પત્ર નિર્દિષ્ટ અરજદારની તા.૨૩–૧૧–૧૦ ની અરજીઓ સહિત લીંબાયતઝોન કક્ષાએ પત્રો તબદીલ કરેલ હોઈ તે અંગે માહિતી જાહેર માહિતી અધિકારી લીબાંયતઝોન કક્ષાએથી આપવા પાત્ર થાય તેવી રીતે મુદ્દા નં.૪ ,૫ અને ૭ આંશિક માહિતી જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન કક્ષાએથી આપવા પાત્ર થાય. જયારે જયારે ૮ અંગે માહિતી જાહેર માહિતી અધિકારી ટાઉનપ્લાનીંગ કક્ષાએથી આપવાની થાય.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૫/૨૮–૧–૧૧ ની અરજીથી માંગેલ માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી મુદ્દા નં.૧,૪ અને ૫ અંગે અરજીમાં જણાવેલ નાગરિકની પ્રાથમિક સુવિધાઓ બાબતે અને મુદ્દા નં. ૭ અંગે સ્ટ્રીટ લાઈટ સિવાયની પ્રાથમિક સુવિધાઓ અંગે નહીં પૂરી પડાયેલી માહિતી તથા અરજદારની મુદ્દા નં.૮ અંગે જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીંગ તરફથી નહીં પૂરી પડાયેલ માહિતી અંગે આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા અનુક્રમે સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયત તથા ડે.કમિ. (પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી ટાઉન પ્લાનીગને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૪–૧૧

પ્રતિ,
(૧) સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન), ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (ટાઉન પ્લાનીંગ), વીજીલન્સ એન્ડ ઈન્સ્પેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી (વી.ખાતુ)....જાણ તથા અમલ માટે .
(૨) શ્રી અર્જુનસિંહ ફતેસિંહ સોલંકી,